# ગ્રીનસીટીમાં નર્મદાના લાઇનમાંથી કોર્મશિયલ સંકુલોને જોડાણ : રહીશોને ઠેંગો

ગાંધીનગર તા ૧

સે-૨૬ ગ્રીન સીટી સોસાયટીમાં કોર્મશિયલ કોમ્પ્લેક્ષોને નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે ગેરકાયદેસર રીતે જોડાણ આપવામાં આવતા સ્થાનિક રહીશો માટે પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. વસાહતીઓ પાણીની ખેંચ વેઠી રહયા છે. રહીશોએ ટેન્કર મારફતે પાણી મેળવવાનો વારો આવ્યો છે.

સે-૨૬ ન્યુ ગ્રીન સીટી વસાહત મંડળના પ્રમુખ સુનિલ શાહે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સરકાર દ્વારા ગ્રીનસીટી વસાહતને નર્મદાનો પાણી પુરવઠો આપવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ.

**સ્થાનિક રહીશો ગરમીમાં પૈસા ખર્ચીને ટેન્કર મારફતે પાણી મેળવે છે : વસાહતીઓ આગ બબુલા : વિધાનસભાની ચુંટણીના બહિષ્કાર સાથે નેતાઓની પ્રવેશબંધી માટે ચિમકી**

આમછતા જી આઇ ડી સી ના અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નર્મદાનુ પાણી કોર્મશિયલ કોમ્પલેક્ષોને આપવા જોડાણ આપી દેવાયા છે. જેના પરિણામે વસાહતીઓમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. આકરી ગરમીના દિવસોમાં ટેન્કર મંગાવીને કામ ચલાવવુ પડે છે. બેવડો કરવેરો ભરપાઇ કરવા છતા ગ્રીન સીટી ના રહીશોએ સુવિધાના નામે મીંડુ હોવાનો આક્રોશ ઠાલવ્યો છે. વર્ષ ૨૦૦૪ બાદ આ વિસ્તારમાં રસ્તા નિર્માણની કામગીરી પણ હાથ ધરવામાં આવી નથી. જયારે વર્ષોના અંતે ગટર સુવિધાના પણ ઠેકાણા પડ્યા નથી. વસાહતીઓ દ્વારા મિલ્કતવેરા ઉપરાંત મહેસુલી વેરો અને જી આઇ ડી સી નો સર્વિસ ચાર્જ પણ ભરપાઇ કરવામાં આવે છે. સંસદીય સચિવ , ડેપ્યુટી મેયર તેમજ સ્થાનિક કોર્પોરેટરો પણ ગ્રીન સીટી વસાહતના પ્રશ્નોથી વાકેફ છે. ગત કોર્પોરેશનની ચુંટણી દરમિયાન પણ સ્થાનિક રહીશોને પ્રશ્નોના નિરાકરણ માટે વચન આપવામાં આવ્યુ હતુ. પરંતુ સ્થાનિક રહીશોને ગુમરાહ કરનારા નેતાઓના વચનથી પ્રબળ આક્રોશ વ્યાપ્યો છે. ગ્રીન સીટી વસાહતના અગ્રણીઓએ આગામી વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર કરી નેતાઓ માટે પ્રવેશબંધી કરવા માટે પણ ચિમકી ઉચ્ચારી છે.

માળખાગત સુવિધાના અભાવ વચ્ચે રોષે ભરાયેલા ન્યુ ગ્રીન સીટી વસાહત મંડળે આગામી વિધાનસભા ચુંટણીનો પણ બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે. જયારે સ્થાનિક નેતાઓને પણ આ વિસ્તારમાં પ્રવેશબંધી કરી દેવાની જાહેરાત સ્થાનિક આગેવાનો દ્વારા કરવામાં આવી છે. ધગધગતા ઉનાળે



## ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા પ્રદેશ આગેવાનો તથા સંતોની ઉપસ્થિતીમાં ગૌમાતા પુજનનો કાર્યક્રમ યોજાયો

ગુજરરાત સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ગૌ-હત્યા પ્રતિબંધ વિધેયક બહુમતીથી વિધાનસભા ગૃહમાં પસાર થયુ છે. આ વિધેયકને પસાર કરવા બદલ ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા તા. ૧-૪-૨૦૧૭ ના રોજ સવારે ૯.૪૫ કલાકે સેકટર-૨૬ ખાતે ગૌ પુજાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સેકટર-૨ સ્વામીનારાયણ મંદિરના સંત પી.પી. સ્વામી, બ્રહ્માકુમારી સરલા દીદી, પંચદેવ મંદિર સેકટર-૨૨ના મહંત ફુલશંકર શાસ્ત્રીજી તથા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, કે.સી. પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ સહિત ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, મેયર પ્રવિણભાઈ પટેલ, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગુડા ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત પદાધિકારીઓ, કોર્પોરેટરો, સક્રિય સભ્યો તથા નગરના વરિષ્ઠ આગેવાનો તથા ૨૫૦થી વધુ કાર્યકરો હાજર રહયા હતા. ઉપરાંત સવારે ૧૧ કલાકે ઘ-૫ સર્કલ પાસે સરકારશ્રીને અભિનંદન આપતો આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો.

# વનતંત્ર દ્વારા આગામી ચોમાસામાં રોપાઓની વાવણી કરવા આઠ હજાર ખાડા ખોદાયા

### અગાઉ શહેરમાં રોપાઓની વાવણીને અનુલક્ષી ખાલી જગ્યા માટે સર્વે હાથ ધરાયો હતો

ગાંધીનગર તા ૧

શહેરમાં આગામી ચોમાસાને ધ્યાને લઈ રોપાઓની વાવણી માટે અત્યારથી જ તૈયારી કરી દેવામાં આવી છે. વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારોમાં ખુલ્લી જગ્યામાં ખાડા ખોદવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી ચોમાસા સુધીમા ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાશે. જયારે ટ્રીમીંગ બાદ રોપાઓની વાવણી હાથ ધરાશે.

ગ્રીન સીટીની હરીયાળી બરકરાર રાખવા માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરને ગ્રીનસીટીમાંથી બેરનસીટી બનતુ અટકાવવા માટે આમ નાગરિકો પણ વૃક્ષોની જાળવણી માટે વધુ જાગૃત છે. શહેરમાં વૃક્ષોની વાવણી સાથે જાળવણી પણ યોગ્ય રીતે થાય તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. હાલ શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે. આગામી ચોમાસા સુધીમાં ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાશે. શહેરમાં દરવર્ષે ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આગામી ચોમાસા દરમિયાન પણ નગરની હરિયાળી નિખારવા માટે તંત્ર દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં રોપાઓની વાવણી માટે તંત્ર દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. જયારે સર્વેના અંતે ખાલી જગ્યામાં રોપાઓની વાવણી માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. ખાલી જગ્યામાં વનતંત્ર દ્વારા રોપાઓની વાવણી માટે અગાઉ ખાડા ખોદવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે તંત્ર દ્વારા ૮ હજાર જેટલા ખાડાઓ ખોદવામાં આવ્યા છે. ગરમીના દિવસોના અંતે વરસાદી વાતાવરણમાં આ ખાડાઓમાં વનતંત્ર દ્વારા અવનવા રોપાઓની વાવણી કરવામાં આવશે. તંત્ર દ્વારા વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવશે.

## ખેડૂતોએ વિવિધ ઘટકોમાં સહાય મેળવવા i.khedut પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા જોગ

ગાંધીનગર, તા. ૧

રાજ્યના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ ઘર આંગણે સરળતાથી મળી રહે તે હેતુસર i.khedut પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટલ મારફતે વર્ષ ૨૦૧૭-૧૮ની યોજનાઓની સહાય માટે વેબસાઈટ www.ikhedut.gujarat.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો મહત્તમ લાભ મળી રહે તે હેતુથી ખેડૂતોને ઓનલાઈન અરજી કરવા i.khedut પોર્ટલ તા. ૧-૪-૨૦૧૭થી તા. ૩૦-૪-૨૦૧૭ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જેનો મહત્તમ લાભ લેવા ખેતી નિયામક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## વડોદરામાં ૪૯મુ બ્રહ્મસમાજ જીવનસાથી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૧૪મી મે ના રોજ વડોદરા ખાતે ૪૯મુ જીવનસાથી સંમેલન યોજાશે. ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૨૫મી એપ્રીલ છે. ગાંધીનગરમાં કે.બી. વ્યાસ પ્લોટ નં. ૩૫૨/એ/૨ સેક્ટર-૧૨-સી પાસેથી ફોર્મ મળી શકશે તથા જમા કરાવી શકશો. મો. ૯૮૨૫૦૩૩૦૭૪ સાબરમતી ખાતે નિખિલભાઈ જાની, માધવ ઈલેક્ટ્રીક સ્ટોર મોટેરા (મો. ૯૮૨૪૫૯૬૬૨૭) મળી શકશે.

## સે. ૪ ઓમકારેશ્વર મંદિરે લીમડાના રસનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧

ચૈત્ર માસમાં લીમડાંને મોર બેસે છે. આ માસમાં લીમડાંના ફુલ તથા તેના કુણાં પાનનો રસનું સેવન આખા વર્ષના આરોગ્ય માટે ખૂબજ લાભવર્ધક ગણાય છે. ગાંધીનગરના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સેકટર-૪ના ઓમકારેશ્વર મંદિર ખાતે લીમડાંના મોરના રસનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે.

અહીં તા. ૩, ૪ અને ૫ એપ્રિલ એટલે કે સોમ, મંગળ અને બુધવારના દિવસે દરરોજ સવારે ૬ થી ૮ કલાક દરમ્યાન લીમડાંના કુણા પાન તથા મોરના રસનું વિતરણ કરાશે. આ સેવાકાર્યનો લાભ લેવા તમામ નગરજનોને કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



વિરાટ દેવી પૂજક સંઘ દ્વારા આયોજીત અખિલ ગુજરાત મહાકાળી સંકલ્પ યાત્રા ગુરૂવારના રોજ ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી. આ યાત્રાનું સેક્ટર-૨૧ ખાતે બપોરે ૨ કલાકે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૧ ટકા અનામત સહિત એસ.ટી.ની સુવિધા મેળવવા સૂત્રોચ્ચાર કરાયા હતા. ત્યાર બાદ યાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરીને સે. ૨૪માં પહોંચી હતી. સે. ૨૪ ખાતે પાંચ હજારથી વધુ નાગરીકોએ સંકલ્પ લીધા હતા. ત્યારબાદ ૪ વાગે સે. ૨૪ થી નીકળેલી યાત્રા ચરેડી, પોલીસ કચેરી, પ્રેસ છાપરા વિસ્તારમાં રાત્રે ૧૦ વાગ્યા સુધી ફરી હતી. આ યાત્રાને ભારે પ્રતિસાદ શહેરમાં મળ્યો હતો. તેમ વિરાટ દેવી પૂજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું.

# હોસ્પિટલ સત્તાવાળાઓ કેમ્પનું આયોજન ન કરતા કેન્સર નિદાન માટેનો સંજીવની રથ વણવપરાયેલ પડી રહ્યો

ગાંધીનગર, તા. ૧

રાજકોટ પીડીયુ હોસ્પિટલને કેન્સરના નિદાન માટે સંજીવની રથ ફાળવવામાં આવ્યો હતો પરંતુ હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા કોઈ જ કેમ્પનું આયોજન ન કરતા સંજીવની રથ વણવપરાયેલ પડી રહેલ અને તેના કારણે રૂ. ૧.૧૪ કરોડનો નિરર્થક ખર્ચ પુરવાર થવા ઉપરાંત લાભાર્થીઓને ઈચ્છિત લાભોથી વંચિત રાખવામાં પરિણમ્યો હોવાની વિગતો કેગના અહેવાલમાં બહાર આવવા પામી છે.

કેગના અહેવાલમાં બહાર આવેલી વિગતો અનુસાર રાજ્ય સરકારે અત્યંત આધુનિક સાધનથી સજ્જ સંજીવની રથ હાઈટેક કેન્સર સ્ક્રીનિંગવાન ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ સાથે સંયુક્ત ભાગીદારીમાં વિકસાવવાનું નક્કી કર્યુ હતુ. જેનો હેતુ ગ્રામ્ય વસ્તીને ગ્રામ્ય વિસ્તારમાં કેમ્પ યોજીને વહેલાસર કેન્સર નિદાનની જાણકારી અને સારવારની સગવડ પુરી પાડવાનો હતો.

જીસીઆરઆઈ અમદાવાદે એક એજન્સી પાસેથી રૂ. ૨.૨૭ કરોડના ખર્ચે બે સંજીવની રથ મેળવવા ચીફ ડિસ્ટ્રીક્ટ હેલ્થ ઓફિસર અમદાવાદે વાહનોમાં અલ્ટ્રા સાઉન્ડ ટેસ્ટ યોજવા માટેની નોંધણીની મંજૂરી આપી હતી. ગ્રામ્ય વસ્તીને સગવડો પુરી પાડવા એક સંજીવની રથ રાજકોટ પીડીયુ હોસ્પિટલને અને એક પાટણ જિલ્લાને ફાળવવામાં આવેલ.

રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાઓ અને ૮૩૫ ગામડાઓમાં ૧૫.૯૧ લાખની વસ્તી છે. પાટણ જિલ્લાના સાત તાલુકાઓ અને ૫૧૭ ગામડાઓમાં ૧૦.૬૩ લાખની વસ્તી હોવાનું જણાવાયું છે.

કેગના ઓડિટમાં એવું જણાવાયું છે કે પીડીયુ હોસ્પિટલ રાજકોટમાં સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં માત્ર ૧૭૫ ચકાસણી માટે સંજીવની રથનો ઉપયોગ થયો હતો. હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા કોઈ જ કેમ્પનું આયોજન કરવામાં ન આવવાને કારણે જાન્યુઆરી-૨૦૧૩ સુધી વણવપરાયેલ પડી રહેલ હતુ. ત્યાર પછી માત્ર ૧૨ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંજીવની રથની મરામતની જરૂરિયાતને કારણે અપ્રવ્રત પડી રહ્યો હતો. આજ દિવસ સુધી જીસીઆરઆઈ દ્વારા વાહનની મરામત માટે કોઈ જ પગલા લેવાયેલ નથી. આ ૧૨ કેમ્પ પૈકી માત્ર પાંચ કેમ્પ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં યોજયા હતા. બાકી રહેલ સાત કેમ્પ રાજકોટ શહેરી વિસ્તાર જામનગર અને જુનાગઢ જિલ્લાઓમાં યોજાયેલ હતા. જે સંજીવની રથ માટે કરાયેલ રૂ. ૧.૧૪ કરોડના નિરર્થક ખર્ચ ઉપરાંત લાભાર્થીઓને ઈચ્છિત લાભોથી વંચિત રાખવામાં પરિણમ્યો હતો.

## હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય યોજના હેઠળની ભરતી માટે ૩૦૦થી વધુ ઉમેદવારો આવ્યા

ગાંધીનગર, તા. ૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલીત ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેશન સેન્ટર પરની જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારીત ભરતી પ્રક્રિયા આજરોજ હોસ્પિટલ સંકુલ ખાતે યોજાઈ હતી. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અનુલક્ષી વિવિધ ૧૧ માસ કરાર આધારીત વિવિધ ૧૦ જગ્યાઓ માટે ૩૦૦થી પણ વધુ ઉમેદવારો આવી પહોંચ્યા હતા.

## વિચરતી-વિમુક્ત જાતિ લાભાર્થી ચેક વિતરણ સમારોહ ત્રીજીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હસ્તકના ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતી વિકાસ નિગમ દ્વારા શિક્ષણ, ધંધાકીય સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો ચેક વિતરણ સમારોહ ૩જી એપ્રિલ-૨૦૧૭ના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે યોજાશે.

તા. ૩જી એપ્રિલ સોમવારના રોજ સવારે ૧૧ કલાકે ટાઉનહોલ, સે. ૧૭, ગાંધીનગર ખાતે યોજાનાર આ સમારોહમાં વિચરતી-વિમુક્ત જાતિઓના સર્વાંગી વિકાસ માટે નિગમ દ્વારા લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામ પરમાર, રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ, સંસદીય સચિવ હીરાભાઈ સોલંકી સહિત નિગમના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે, તેમ ગુજરાત વિચરતી જાતિ વિકાસ નિગમની યાદીમાં જણાવાયું છે.

